# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે તાપી અને નવસારી જિલ્લાની પ્રગતિશીલ મહિલાઓની ઈન્ટરફેસ મીટીંગ યોજાઈ

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત તાપી જિલ્લાનું એકમાત્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા ખાતે કાર્યરત છે. જેનું સંચાલન નવસારી કૃષિ યુનિવર્સિટી કરે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા, જિ. તાપી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારીના સંયુકત ઉપક્રમે તા. ૧૮/૦૬/૨૦૧૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે તાપી અને નવસારી જિલ્લાની પ્રગતિશીલ મહિલાઓની ઈન્ટરફેસ મીટીંગ યોજાઈ હતી. જેમાં બન્ને જિલ્લાની મળી કુલ ૧૧૧ પ્રગતિશીલ મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને મહિલા સંગઠનગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. પી. ડી. વર્માએ સ્વાગત પ્રવચન કરી સર્વે મહાનુભાવો અને પ્રગતિશીલ મહિલાઓને આવકાર્યા હતા. સદર મીટીંગમાં તાપી અને નવસારી જિલ્લાની પ્રગતિશીલ મહિલાઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. જેમાં આયુર્વેદિક કેશતેલ અને મસાલાનો ગૃહઉદ્યોગ, ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ, મશરૂમની બનાવટ, નાળિયેરના રેસામાંથી પગલૂછણિયાંની બનાવટ, આરોગ્ય, કિચન ગાર્ડનીંગ, ફળ–શાકભાજી પરિરક્ષણ, ચોકલેટ અને આઈસ્ક્રીમની બનાવટ, જાસૂદના ફૂલનો શરબત વિગેરે અંગે પ્રતિભાવો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. સી. જે. ડાંગરીયાસાહેબ ઉપસ્થિત રહયાં હતાં. તેમણે સર્વે પ્રગતિશીલ મહિલાઓને ખેતી અને સંલગ્ન વ્યવસાય દ્વારા રોજગારી પ્રાપ્ત કર્યા બદલ આભાર માની પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ સાથે નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જી. આર. પટેલ સાહેબે ઉપસ્થિત પ્રગતિશીલ મહિલાઓને કેવિકે દ્વારા બન્ને જિલ્લાની મહિલાઓએ જે નવીન વૈજ્ઞાનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેતી અને સાથે રોજગારલક્ષી પ્રવૃત્તિઓ શરૂ કરી છે તેનું એકબીજા સાથે આદાનપ્રદાન કરવા પર ભાર મૂકયો હતો.

કે.વિ.કે., નવસારીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. સી. કે. ટીંબડીયાએ સર્વે મહિલાઓને કે.વિ.કે. થકી વિવિધ તાલીમ લઈ માર્ગદર્શન મેળવી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા જણાવેલ હતું. બેડી ગામના પ્રગતિશીલ મહિલા અને ન.કૃ.યુ.ના વિસ્તરણ કાઉન્સીલના સભ્ય શ્રીમતી લીલાબેન ગામીતે પણ ઉપસ્થિત રહી મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સદર મીટીંગમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવૈજ્ઞાનિક શ્રીમતી આરતીબેન સોની તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારીના ગૃહવૈજ્ઞાનિક શ્રીમતી દિપલબેન સોનીએ મહિલાઓને ગૃહવિજ્ઞાન વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કર્યા હતા.

ઉપરાંત, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારાના વડાશ્રી ડૉ. વિપુલભાઈ પટેલ અને એગ્રીકલ્ચર પોલીટેકનીક, ન.કૃ.યુ., વ્યારાના આચાર્યશ્રી ડૉ. એન. એમ. ચૌહાણ પણ ઉપસ્થિત રહયાં હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કેવિકે, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક શ્રીમતી આરતીબેન સોનીએ કર્યુ હતું.

